# આઈ.ટી.આઈ. એડમીશન-૨૦૨૩

## FREQUENTLY ASKED QUESTIONS

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,ગાંધીનગર

# QUESTION - ANSWER

**(૧) કારીગર તાલીમ યોજનાનો મુખ્ય ઉદ્દેશ શું છે?**

જ. વ્યવસાયલક્ષી તાલીમ આપવા માટે ઘડાયેલ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ ઉદ્યોગો અને સેવાક્ષેત્રને કુશળ માનવબળ ઉપલબ્ધ કરાવવાનો તેમજ જુદા-જુદા ક્ષેત્રે વિકસતી જતી ટેકનોલોજી અંગે ઉમેદવારોને તાલીમ આપી રોજગારી/સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવાનો છે.

**(૨) કારીગર તાલીમ યોજનાનો અમલ કરતી સંસ્થાઓ કેટલી છે?**

જ. રાજ્યમાં આ યોજનાનો અમલ (અ) ૨૮૮ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.) (બ) **૧૦૨** ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (ક) **૧૬૫** સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો મળી **કુલ-૫૫૫** દ્વારા અમલ કરવામાં આવે છે.

**(૩) આ સંસ્થાઓની મંજુર બેઠકો કેટલી છે?**

જ. (અ) સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.)ની મંજુર બેઠકો- **૧૭૭૮૭૨** (બ) ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોની મંજુર બેઠકો- **૧૬૪૨૦** (ક) સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોની મંજુર બેઠકો- **૨૨૩૪૦** મળી કુલ-**૨૧૬૬૩૨** બેઠકો ઉપર વ્યવસાયિક તાલીમ સુવિધાઓ ઉપલબ્ધ છે.

**(૪) ઉપરોક્ત સંસ્થાઓમાં કેવા પ્રકારના કોર્ષ ચલાવવામાં આવે છે?**

જ. ઉપરોક્ત સંસ્થાઓમાં ભારત સરકારના શ્રમ મંત્રાલયમ હસ્તકની ડાયરેક્ટરઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેઇનીંગ, નવી દિલ્હી દ્વારા માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય કક્ષાના એન.સી.વી.ટી. પેટર્નના કોર્ષ તેમજ રાજ્ય કક્ષાના ગુજરાત કાઉન્સિલ ઓફ વૉકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર (જી.સી.વી.ટી.) પેટર્નના કોર્ષ ચલાવવામાં આવે છે.

**(૫) રાજ્યની આઇ.ટી.આઇ.માં કેટલા પ્રકારના કોર્ષ આવરી લેવામાં આવેલ છે?**

જ. રાજ્યની આઇ.ટી.આઇ.માં ૭૯ એન.સી.વી.ટી. પેટર્નના તથા ૫૩ જી.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમો મળી કુલ-૧૩૨ કોર્ષ આવરી લેવામાં આવેલ છે.

**(૬) આઇ.ટી.આઇ.માં ચાલતા કોર્ષનો સમયગાળો શું હોય છે?**

જ. આઇ.ટી.આઇ.માં ચાલતા કોર્ષનો સમયગાળો છ માસથી બે વર્ષ સુધીનો હોય છે.

**(૭) આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટેની કઈ પધ્ધતિ છે?**

જ. આઈ.ટી.આઈ માં ચાલુ વર્ષથી સંપૂર્ણ ઓનલાઈન પદ્ધતિથી ACPC ની જેમ પ્રવેશ આપવામાં આવે છે.પહેલા ઉમેદવારે પ્રવેશ લેવા જે તે સંસ્થા ખાતે રૂબરૂ જવું પડતું હતું.

**(૮) ઓનલાઇ પ્રવેશ ફોર્મ ભરવા માટેની લીંક કઇ છે ?**

જ. https://www.itiadmission.gujarat.gov.in

**(૯) આઇ.ટી.આઇમાં પ્રવેશ માટે માર્ગદર્શન અને પ્રવેશ ફોર્મ ક્યાથી ભરી શકાય છે ?**

જ. પ્રવેશ સંબધીત માર્ગદર્શન માટે નજીકની સરકારી/ ગ્રાન્ટ-ઈન-એઈડ/ સ્વનિર્ભર ઔ.તા.સં ખાતેના હેલ્પ સેન્ટરનો સંપર્ક કરી શકાશે તથા હેલ્પ સેન્ટર ખાતેથી નિ:શુલ્ક ઓનલાઈન ફોર્મ ભરી આપવાની સુવિધા પણ કરી આપવામાં આવશે તથા નજીકમાં જ્યાં ઇન્ટરનેટની સુવિધાઓ ઉપલબ્ધ હોય ત્યાંથી પણ ફોર્મ ભરી શકાશે.

**(૧૦) ઓનલાઇ પ્રવેશ ફોર્મ ભરવા માટેની ફી કેટલી છે ?**

જ. ઓનલાઇન પ્રવેશ ફોર્મ હેલ્પ સેન્ટર ખાતેથી નિ:શુલ્ક ઓનલાઈન ભરી આપવામાં આવશે.

**(૧૧) ઓનલાઇ પ્રવેશ પ્રક્રિયાનું માધ્યમ શું છે ?**

જ. ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા ઈન્ટરનેટના માધ્યમથી કરવામાં આવે છે.

**(૧૨) ઓનલાઇ રજીસ્ટ્રેશન ફી નું ધોરણ શું છે ?**

જ. ઓનલાઇન પ્રવેશ ફોર્મ રજીસ્ટ્રેશન ફી પેટે રૂ.૫૦/- ઓનલાઈન UPI/ Net Banking/ Credit Card વગેરેથી ભરવાની હોય છે.

**(૧૩) આઇ.ટી.આઇ.માં વિવિધ પ્રકારના કોર્ષની પ્રવેશ લાયકાત શું છે?**

જ. આઇ.ટી.આઇ.માં ચાલતા કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે લઘુત્તમ ધો.૭ પાસથી ધો.૧૨ પાસ તથા ગ્રેજ્યુએટ સુધીની પ્રવેશ લાયકાત હોય છે.

**(૧૪) આઇ.ટી.આઇ.માં પ્રવેશ મેળવવા માટેની વયમર્યાદા શું છે?**

જ. આઇ.ટી.આઇ.માં પ્રવેશ મેળવવા માટે તમામ ઉમેદવારોની લઘુત્તમ વયમર્યાદા ૧૪ વર્ષ છે. જ્યારે વિધવા અને ત્યક્તા તેમજ માજીસૈનિકો અને તેમના આશ્રિતોની લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષ છે. ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવમાં આવેલ છે.

**(૧૫) આઇ.ટી.આઇ.માં પ્રવેશ પ્રક્રિયા ક્યારથી શરૂ થાય છે?**

જ. તારીખ:૨૪/૦૫/૨૦૨૩ થી ઓનલાઇન ફોર્મ રજીસ્ટ્રેશન કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવે છે. પ્રવેશસત્ર-૨૦૨૨ થી સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ/ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન પદ્ધતિથી કરવામાં આવેલ છે. તદ્દાનુસાર ફોર્મ તદ્દાનુસાર ફોર્મ રજીસ્ટ્રેશન, ઓનલાઈન રજીસ્ટ્રેશન ફી,ઓનલાઈન ચોઈસ ફીલિંગ,એડમીશન કન્ફર્મેશન વગેરે ઓનલાઇન થઇ શકશે.. પ્રવેશપ્રક્રિયા પૂર્ણ થયા બાદ આઇ.ટી.આઇ.નું શૈક્ષણિક સત્ર ૨૫મી સપ્ટેમ્બરથી શરૂ થનાર છે. **(ડી.જી.ટી. નવી દિલ્હીની ગાઇડ લાઇન અનુસાર)**

**(૧૬) આઇ.ટી.આઇ.માં પ્રવેશ માટે અનામતનું ધોરણ શું છે?**

જ. આઇ.ટી.આઇ.માં પ્રવેશ માટે અનામતની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | કેટેગરી | અનામત બેઠકોની ટકાવારી | નોંધ |
|---|---|---|---|
| ૧ | બક્ષીપંચની જાતિઓ | ૨૭ ટકા | |
| ૨ | અનુસૂચિત જાતિ | ૭ ટકા | |
| ૩ | અનુસૂચિત જનજાતિ | ૧૫ ટકા | |
| ૪ | આર્થિક રીતે નબળા વર્ગો (EWS) | ૧૦ ટકા | EWS કક્ષા માટે અનામતની ૧૦ ટકા બેઠકો પૈકી ૩૩ ટકા બેઠકો EWS કક્ષાની મહિલા ઉમેદવારો માટે અનામત રાખવાની રહેશે. આ જગ્યાઓ મહિલા ઉમેદવારોથી ભરવાની રહેશે. |
| ૫ | દિવ્યાંગ | ૪ ટકા | સંસ્થા દીઠ |
| ૬ | *મહિલાઓ | ૩૩ ટકા | વ્યવસાયદીઠ ભરવાપાત્ર બેઠકો |
| ૭ | માજીસૈનિકો તથા તેમના આશ્રિતો | ૧૦ બેઠકો | સંસ્થા દીઠ |

**(૧૭) આઇ.ટી.આઇ.માં ટ્યુશન ફીનું ધોરણ શું છે?**

જ. સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓમાં જનરલ, આર્થિક રીતે નબળા વર્ગો (EWS) તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓમાટે માસિક રૂ.૧૦૦/- લેખે છ માસિક ફી લેવામાં આવે છે.મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, દિવ્યાંગ તાલીમાર્થીઓને ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. સેલ્ફ ફાઈનાન્સ સંસ્થા ખાતેની ટ્યુશનફી સંસ્થા મુજબ અલગ અલગ રહેશે. જેની વિગતો માહિતી પુસ્તિકામાંથી ઉપલબ્ધ થશે.

**(૧૮) પ્રવેશ મેળવતી વખતે ડિપોઝિટ કેટલી લેવામાં આવે છે?**

જ. આઇ.ટી.આઇ.માં પ્રવેશ મેળવતી વખતે રૂ.૨૫૦/- કોશનમની ડિપોઝિટ પેટે તમામ તાલીમાર્થીઓ પાસેથી લેવામાં આવે છે. જે તાલીમ પૂર્ણ થયેથી પરત આપવામાં આવે છે.

**(૧૯) ઓનલાઇ પ્રવેશ ફોર્મ ભરવા માટેની લીંક કઇ છે ?**

જ. https://www.itiadmission.gujarat.gov.in

**(૨૦) આઇ.ટી.આઇમાં પ્રવેશ માટે માર્ગદર્શન અને પ્રવેશ ફોર્મ ક્યાંથી ભરી શકાય છે ?**

જ. પ્રવેશ સંબધીત માર્ગદર્શન માટે નજીકની સરકારી/ ગ્રાન્ટ-ઈન-એઈડ/ સ્વનિર્ભર ઔ.તા.સં ખાતેના હેલ્પ સેન્ટરનો સંપર્ક કરી શકાશે તથા હેલ્પ સેન્ટર ખાતેથી નિ:શુલ્ક ઓનલાઈન ફોર્મ ભરી આપવાની સુવિધા પણ કરી આપવામાં આવશે તથા નજીકમાં જ્યાં ઇન્ટરનેટની સુવિધાઓ ઉપલબ્ધ હોય ત્યાંથી પણ ફોર્મ ભરી શકાશે.

**(૨૧) ઓનલાઇ પ્રવેશ ફોર્મ ભરવા માટેની ફી કેટલી છે ?**

જ. ઓનલાઇન પ્રવેશ ફોર્મ હેલ્પ સેન્ટર ખાતેથી નિ:શુલ્ક ઓનલાઈન ભરી આપવામાં આવશે.

**(૨૨) ઓનલાઇ પ્રવેશ પ્રક્રિયાનું માધ્યમ શું છે ?**

જ. ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા ઈન્ટરનેટના માધ્યમથી કરવામાં આવે છે.

**(૨૩) ઓનલાઇ રજીસ્ટ્રેશન ફી નું ધોરણ શું છે ?**

જ. ઓનલાઇન પ્રવેશ ફોર્મ રજીસ્ટ્રેશન ફી પેટે રૂા.૫૦/- ઓનલાઈન UPI/ Net Banking/ Credit Card/Debit Card વગેરેથી ભરવાની હોય છે.

**(૨૪) જરૂરી પ્રમાણપત્રોની ચકાસણી કયાં કરાવવાની હોય છે ?**

જ. જરૂરી પ્રમાણપત્રોની ચકાસણી પ્રવેશ મેળવ્યા બાદ પ્રવેશ મેળવેલ સંસ્થા ખાતે કરવાની રહેશે.

**(૨૫) મેરીટની વિગતો ઉમેદવારને કયા માધ્યમથી જાણ કરવામાં આવે છે ?**

જ. પ્રવેશ ફોર્મમાં ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ મોબાઇલ નંબર ઉપર SMS થી, ઈ-મેઈલ દ્વરા,વેબસાઈટ ઉપર અને વર્તમાનપત્ર થકી જાણ કરવામાં આવે છે.

**(૨૬) એક ઉમેદવાર કેટલા પ્રવેશ ફોર્મ ભરી શકે છે ?**

જ. ઉમેદવારે ફક્ત એક જ ફોર્મ ભરવાનું રહેશે.જેમાં સંસ્થા/વ્યવસાયની અમર્યાદિત પસંદગી દર્શાવી શકશે.

**(૨૭) પ્રવેશ ફોર્મ ભર્યા બાદ શું?**

જ. પ્રવેશ ફોર્મ ભર્યા બાદ ઉમેદવારે લૉગ ઇન કરી અરજી કન્ફોર્મ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન ફી રૂા.૫૦/- ઓનલાઇન ભરવાના રહેશે. જે પરત મળવા પાત્ર રહેશે નહીં.

**(૨૮) રજીસ્ટ્રેશન ફોર્મ ભરી ડોક્યુમેન્ટ કયા જમા કરાવવાના રહેશે?**

જ. ઉમેદવારે બરાબર સાવચેતીપૂર્વક ડોકયુમેન્ટ આધારીત રજીસ્ટ્રેશન ફોર્મમાં માહિતી ભરવાની રહેશે. રજીસ્ટ્રેશન કનફોર્મ કર્યા બાદ ડોક્યુમેન્ટ જમા કરાવવાના રહેતા નથી. પરંતુ પ્રોવિઝનલ શીટ એડમીશન માટે ફાળવવામાં આવે ત્યાર બાદ તે સંસ્થામાં જઇ અસલ ડોક્યુમેન્ટ વેરીફાઈ કરાવવાના રહેશે.

**(૨૯) મેરીટ નંબર મળ્યા બાદ રજીસ્ટ્રેશનની વિગતોમાં ભૂલ ધ્યાને આવે તો શું કરવું?**

જ. પ્રોવિઝનલ મેરીટ નંબર બાદ આપવામાં આવેલ સમયમાં નજીકના હેલ્પ સેન્ટરમાં જઈ કોઈપણ પ્રકારનો સુધારો કરાવી શકાશે.

**(૩૦) પ્રથમ રાઉન્ડ માં એડમિશન મેળવેલ છે હવે સંસ્થા / ટ્રેડ બદલવો છે તો શું કરવું ?**

જ. બીજા રાઉન્ડમાં ચોઈસ અપગ્રેડ કરી મેરીટ મુજબ મળવા પાત્ર હશે તો મળી શકશે.

**(૩૧) રજીસ્ટ્રેશન નંબર ભુલાઈ જાય તો શું કરવું ?**

જ. મોબાઈલ નંબર અને જન્મ તારીખ એન્ટર કરવાથી મેળવી શકાશે.

**(૩૨) રજીસ્ટ્રેશન ફોર્મ ભરતા સમયે ઉમેદવાર પોતાનો SSA CTS UID(૧૮ અક્ષરનો યુનિક આઈ.ડી/ચાઈલ્ડ આઈ.ડી ક્યાંથી જાણી શકાશે.**

જ. ઉમેદવાર પોતાના શાળાછોડ્યાના પ્રમાણપત્ર મુજબ SSA CTS UID(૧૮ અક્ષરનો યુનિક આઈ.ડી/ચાઈલ્ડ આઈ.ડી)નો ઉપયોગ કરી પોતાની વિગતો ફેચ કરી શકશે તથા https://cts-ss.gujarat.gov.in/patrak3studentsearch.aspx પરથી જાણીશકાશે.

**(૩૩) તમામ વિગતો ભરવા છતાં માર્કસ ઓટોમેટિક ફેચ થતાં નથી તો શું કરવું?**

જ. જો આવું બને તો માર્કસની મેન્યુઅલી એન્ટ્રી કરી શકાશે.

**(૩૪) માર્કસ ઓટોમેટિક ફેચ કરવા કઇ કઇ વિગતો ફરજીયાત છે?**

જ. SSC પરીક્ષા પાસ કર્યાનું વર્ષ અને સીટ નંબરની એન્ટ્રી કરવાથી માર્કસ ફેચ કરી શકાશે.

**(૩૫) અમુક બોર્ડમાં ગ્રેડ આપવામાં આવે છે, તો તેને માર્કસમાં કન્વર્ટ કઇ રીતે કરવા?**

જ. માર્કશીટ મુજબ ગ્રેડને માર્કસમાં કન્વર્ટ કરવાની બોર્ડ મુજબની જે ફોર્મ્યુલા છે તેને ધ્યાને લઈ કરી શકાશે. આ વિગતો માર્કશીટની પાછળ દર્શાવવામાં આવે છે.

**(૩૬) જો ૧૦માં ગણિત અને વિજ્ઞાન વિષય નાં હોય તો માર્ક્સ શું નાંખવા?**

જ. ગણિત તથા વિજ્ઞાન બંને માં ૧ માર્ક નાખીને ફોર્મ ભરવુ.

**(૩૭) ચોઈસ ફિલિંગ વખતે ઉમેદવાર કેટલા ટ્રેડ તથા કેટલી સંસ્થા ચોઈસ કરી શક્શે?**

જ. ચોઈસ ફિલિંગમાં કોઇ મર્યાદા નથી. ઉમેદવાર ઇચ્છે તેટલા ટ્રેડ તેમજ સંસ્થા ચોઈસ કરી શકે છે.

**(૩૮) નામ શાળા છોડ્યાનાં પ્રમાણપત્ર(LC) તથા માર્કશીટમાં અલગ છે તો શું કરવું?**

જ. નામ, જન્મતારીખ તથા અન્ય માહીતી **ધોરણ:૧૦** ની માર્કશીટ મુજબ જ ભરવી.

**(૩૯) રજિસ્ટ્રેશન ફી ઓનલાઈન ભરતી વખતે " transaction fail " થાય તો શું કરવું?**

જ. પેમેન્ટ સ્ટેટસની ચકાસણી કરી ત્યાર બાદ આગળ વધવું.

**(૪૦) રજિસ્ટ્રેશન ફી ઓનલાઈન ભરતી વખતે ખાતામાંથી નાણાની કપાત થઈ ગયેલ છે પરંતુ ફી ભરાઈ નથી તેવુ બતાવે છે તો શું કરવું?**

જ. પેમેન્ટ સ્ટેટસની ચકાસણી કરી ત્યાર બાદ આગળ વધવું.

**(૪૧) NCVT એફી. /નોન એફી. પૈકી કયા ટ્રેડમાં ઉમેદવારને પ્રવેશપાત્ર ગણી શકાય.**

જ. જે ઉમેદવારના મેરીટ માર્કસ વધુ હશે તેમને પ્રથમ **NCVT એફી.માં પ્રવેશ મળવાપાત્ર થશે. ત્યાર બાદ નોન.એફી.માં મળવાપાત્ર થશે.**

**(૪૨) જે ઉમેદવારની માર્કસીટમાં પિતાનું નામ ન હોય તેવા કિસ્સામાં કઇ રીતે એન્ટ્રી કરવી ?**

જ. ઉપરોક્ત કિસ્સામાં XXX નાખાની આગળ વધવું.

**(૪૩) પ્રવેશ કોને મળવાપાત્ર છે ?**

જ. ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી, રજીસ્ટ્રેશન ફી ભર્યા બાદ ઓનલાઇન ચોઇસ ફીલ કરી ને ચોઇસ લોક કરી હશે તેમને પ્રોવિઝનલ પ્રવેશ મળશે. ત્યારબાદ પ્રવેશ મળેલ આઇ.ટી.આઇમાં રૂબરૂ જઇને અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવીને ફાઇનલ એડમીશન લેટર મેળવવાનો રહેશે ત્યારબાદ પ્રવેશ કંફર્મ થશે તેમજ એડમીશનને લગતી સત્રફી / ટ્યુશન ફી ભરવાની રહેશે.

**(૪૪) પ્રવેશ ક્યારે રદ્દ થવા પાત્ર છે?**

- પ્રોવિઝનલ પ્રવેશ મળેલ આઇ.ટી.આઇ.માં SMS દ્વારા જણાવવામાં આવેલ દિવસો દરમ્યાન રૂબરૂમાં હાજર નહિ રહેવાથી પ્રવેશ રદ થશે.

- પ્રોવિઝનલ પ્રવેશ મળેલ આઇ.ટી.આઇ.માં રૂબરૂ જઇને અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવતી વખતે જો ફોર્મ ભરતી વખતે આપવામાં આવેલ માહીતીની સાપેક્ષમાં પ્રમાણપત્રોની માહીતીમાં વિસંગતતા જણાશે તો પ્રવેશ રદ થશે.

- પ્રોવિઝનલ પ્રવેશ મળેલ આઇ.ટી.આઇ.માં રૂબરૂ જઇને પ્રમાણપત્રોની ચકાસણી કરાવી હોય પરંતુ એડમીશનને લગતી ફી સમયમર્યાદામાં ભરરેલ ન હોય તો પ્રવેશ રદ થશે.

**(૪૫) રાજ્ય બહારના ઉમેદવારોએ પ્રવેશ મેળવવા શું રજુ કરવું પડે છે ?**

જ. રાજ્ય બહારના ઉમેદવારોએ નિયમાનુસાર સક્ષમ અધિકારીનું ડોમીસાઇલ સર્ટિફિકેટ રજુ કરવાનું રહે છે.

**(૪૬) દિવ્યાંગ ઉમેદવારોએ પ્રવેશ મેળવવા શું રજુ કરવું પડે છે ?**

જ. દિવ્યાંગ ઉમેદવારોએ વી.આર.સી. અમદાવાદ દ્વારા આપવામાં આવતું જે તે વ્યવસાયનું યોગ્યતા માટેનું પ્રમાણપત્ર (સ્યુટેબિલીટી પ્રમાણપત્ર) રજુ કરવાનું હોય છે.

**(૪૭) આઇ.ટી.આઇ.માં ઉપલબ્ધ બેઠકોની જાણકારી કઇ રીતે મેળવી શકાય છે ?**

જ. આઈ.ટી.આઈ. એડમીશન વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in/ ઉપર આપેલ લીંક આઈ.ટી.આઈ માં ઉપલબ્ધ બેઠકો જાણવા પરથી જે તે સંસ્થા ખાતે ટ્રેડ વાઈઝ ઉપલબ્ધ બેઠકો જાણી શકાશે. તેમજ જે તે સંસ્થા ખાતેનાં હેલ્પ-ડેસ્કની મુલાકાત લેવાથી જાણી શકાય છે.

**(૪૮) દૂરના સ્થળેથી આવતા તાલીમાર્થીઓ માટે રહેવાની શું વ્યવસ્થા છે. ?**

જ. જે સંસ્થાઓમાં છાત્રાલયની વ્યવસ્થા છે ત્યાં નિયમાનુસાર રૂા.૨૫૦/- ડિપોઝીટની રકમ તથા રૂા.૫૦/- છ માસિક સર્વિસ ચાર્જ પેટે વસુલ કરી હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવે છે.

**(૪૯) આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓને સંસ્થાકીય સ્ટાઇપેન્ડ / શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે?**

જ. આઇ.ટી.આઇ.માં તાલીમ લેતા તાલીમાર્થીઓને સંસ્થા ખાતે મંજૂર થયેલ બેઠકોના ૩૩.૩૩% લેખે સંસ્થાકીય સ્ટાઇપેન્ડ એનાયત કરવામાં આવે છે. અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ તથા વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે માસિક રૂા.૪૦૦/- લેખે તથા અન્ય તમામ તાલીમાર્થીઓને માસિક રૂા.૨૦૦/- લેખે નિયમાનુસાર સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવે છે.**(આવકમર્યાદાને આધિન)**

૩૩.૩૩% પછી બાકી રહેતા તાલીમાર્થીઓને સમાજકલ્યાણ / આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ તથા વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે માસિક રૂા.૪૦૦/- લેખે નિયમાનુસાર શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવે છે. **(આવકમર્યાદાને આધિન)**

**(૫૦) આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓને સંસ્થાકીય સ્ટાઇપેન્ડ/ શિષ્યવૃત્તિ મેળવવા માટે આવક મર્યાદાનું ધોરણ શું છે?**

જ. આઇ.ટી.આઇ.માં તાલીમ લેતા તાલીમાર્થીઓને સંસ્થાકીય સ્ટાઇપેન્ડ / સમાજકલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિ મેળવવા માટે વાર્ષિક આવક મર્યાદા રૂા.૬,00,000/- (છ લાખ) નિયત કરવામાં આવેલ છે.

**(૫૧) આઇ.ટી.આઇ.માં હાજરીનું ધોરણ શું છે?**

જ. આઇ.ટી.આઇ.માં પરીક્ષામાં બેસવા માટે ૮૦ ટકા હાજરી ફરજીયાત છે. ૮૦ ટકા હાજરીનું ધોરણ સમગ્ર ભારતમાં અમલી છે.

**(૫૨) આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓને રહેઠાણથી તાલીમના સ્થળે આવવા-જવા માટે શું વ્યવસ્થા છે ?**

જ. દરેક તાલીમાર્થીઓને એસ.ટી.બસ/રેલ્વે પાસ કન્સેશન આપવામાં આવે છે.

**(૫૩) આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓની તબીબી ચકાસણીની શું વ્યવસ્થા છે.**

જ. દરેક તાલીમાર્થીની દાક્તરી તપાસ કરાવવામાં આવે છે. આ માટે તાલીમાર્થી દીઠ રૂા.૨૫/- નો ખર્ચ કરવાની જોગવાઇ છે.

**(૫૫) આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓને કયા વીમા યોજના સાથે જોડવામાં આવેલ છે ?**

જ. આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓને **"ગુજરાત સામૂહિક જૂથ(જનતા) અકસ્માત વીમા યોજના"** હેઠળ રૂા.૧.00 લાખ સુધી વીમા કવચ પુરૂ પાડવામાં આવે છે.

**(૫૬) આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓ માટે કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડાણ અંગેની નીતિ શું છે ?**

જ. ધોરણ-૮ પછી આઇ.ટી.આઇ.નો NCVT /GCVT પેટર્નનો બે વર્ષનો કોર્સ પાસ કરે અને ધોરણ-૧૦ની ગુજરાતી અને અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તેને ધોરણ-૧૦ સમકક્ષ ગણવામાં આવે છે. તેવી જ રીતે ધોરણ-૧૦ પછી આઇ.ટી.આઇ.નો NCVT /GCVT પેટર્નનો બે વર્ષનો કોર્સ પાસ કરે અને ધોરણ-૧૨ની અંગ્રેજી વિષયની પરીક્ષા

પાસ કરે તો તેને ધોરણ-૧૨ સમકક્ષ ગણવામાં આવે છે.આવા ઉમેદવારોને સરકારી નોકરી માટે ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ની લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવે છે. તથા ડીપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશમાં અગ્રતા આપવામાં આવે છે.

**(૫૭) આઇ.ટી.આઇ.પાસ ઉમેદવારોની ઉદ્યોગ સાહસીકતાનો વિકાસ કરવા તથા સ્વરોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા માટેનું શું આયોજન છે?**

જ. આઇ.ટી.આઇ. પાસ ઉમેદવારોને ઉદ્યોગ સાહસીકતાના વિકાસ તથા સ્વરોજગારી માટે બેન્કેબલ લોન વ્યાજ સહાય યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

**(૫૮) આઇ.ટી.આઇ.ની મહિલા તાલીમાર્થીઓના સ્વાવલંબન માટે પ્રોત્સાહન રૂપે શું આપવામાં આવે છે?**

જ. આઇ.ટી.આઇ.ની મહિલા તાલીમાર્થીઓને ૬-માસ થી વધુ સમયના વ્યવસાયની તાલીમ માટે વિદ્યા સાધના સહાય યોજના હેઠળ સાયકલ ભેટ આપવામાં આવે છે.

**(૫૯) આઇ.ટી.આઇ.માં તાલીમાંતે પરીક્ષા તથા પ્રમાણપત્ર એનાયત કરવા માટેની પદ્ધતિ શું છે?**

જ. આઇ.ટી.આઇ.માં તાલીમને અંતે એન.સી.વી.ટી. પેટર્નના તાલીમાર્થીઓની પરીક્ષા ભારત સરકાર દ્વારા જુલાઇ માસમાં લેવામાં આવે છે. જ્યારે રાજ્યકક્ષાના વ્યવસાયની પરીક્ષા જી.સી.વી.ટી. દ્વારા ઓગસ્ટ/સપ્ટેમ્બર માસમાં લેવામાં આવે છે. સફળ થયેલ તાલીમાર્થીઓને અનુક્રમે એન.સી.વી.ટી./ જી.સી.વી.ટી. પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

*************************XXXXXXX************************